# તારે દ્વારે આવીને કોઈ

તારે દ્વારે આવીને કોઈ (૨) ખાલી હાથે જાય ના

કરુણાનિધાન કરુણાનિધાન (૪)

આ દુનિયામાં કોઈ નથી રે, તુજ સરીખો દાતા ... ૨ (૨)

અપરમપાર દયા છે તારી, તારા હાથ હજા ... ૨ (૨)

તારી જ્યોતિ પામીને કોઈ (૨), અંધારે અટવાય ના

કરુણાનિધાન કરુણાનિધાન (૪)

શરણે આવેલાંનો સાચો, તું છે રક્ષણહા ... ૨ (૨)

ડગમગતી જીવન નૈયાનો, તું છે તારણહા ... ૨ (૨)

તારે પંથે જનારો કદીયે (૨), ભવરણમાં ભટકાય ના

કરુણાનિધાન કરુણાનિધાન (૪)

ખૂટે નહિ કદાપિ એવો, તારો પ્રેમ ખજા ... નો (૨)

મુક્તિનો મારગ બતલાવે, એવો પંથ મઝા ... નો (૨)

તારે શરણે જે કોઈ આવે (૨), મધદરિયે અટવાય ના

કરુણાનિધાન કરુણાનિધાન (૪)

તારે દ્વારે આવીને કોઈ (૨) ખાલી હાથે જાય ના

કરુણાનિધાન કરુણાનિધાન (૪)

કરુણાનિધાન કરુણાનિધાન (૪)

2017-01-21 - https://www.youtube.com/watch?v=WkePaJz4W0M

https://www.youtube.com/watch?v=Gs7gIMTw0p4&index=13&list=PLUVIbkpJcck6Mb6yeQ7XYHsCyJepbEybN